# श्रुतसंविभाग – 3

September 2016 ભાદ્રપદ ૨૦૭૨

## "सम्मत्ते पुण लद्धे" માં સૂચિત ક્ષપણા કઈ – કાલની કે કર્મસ્થિતિની ?

સમ્યક્ત્વની પ્રાપ્તિ બાદ દેશવિરતિ વગેરેની પ્રાપ્તિમાં કેટલો સમય વીતે તે દેખાડનારી "सम्मत्ते पुण लद्धे" અને તેના પછીની "एवं अपरिवडिए" એ બે ગાથાઓ આપણે ત્યાં ઘણી જ પ્રસિદ્ધ છે. અને ઘણા ગ્રંથોમાં એ ગાથાઓના આધારે જ આ વિષયનું પ્રતિપાદન થતું હોય છે. આ ગાથાઓ ઉપલબ્ધ ગ્રંથોમાં સૌપ્રથમ શ્રી*સંઘદાસગણિ* સંદૃબ્ધ *બૃહત્કલ્પલઘુભાષ્ય* માં જોવા મળે છે. અને ત્યારબાદ શ્રી*જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ* કૃત *વિશેષાવશ્યકમહાભાષ્ય* માં પણ તે નોંધાઈ છે. જે પછી તો *વિશેષાવશ્યકમહાભાષ્ય* ની ગાથાઓ તરીકે જ અનેક ગ્રંથોમાં ઉદ્ધૃત થઈ છે. સંપૂર્ણ ગાથાઓ આમ છે –

"सम्मत्ते पुण लद्धे पलियपुहत्तेण सावओ होज्जा । चरणोवसमखयाणं सागरसंखंतरा होंति ।।

एवं अपरिवडिए सम्मत्ते देवमणुयजम्मेसु । अण्णयरसेढिवज्जं एगभवेणं च सव्वाइं ।।"

આમાં પ્રથમ ગાથાનું પ્રથમ ચરણ ક્યાંક सम्मत्तम्मि उ लद्धे એવું પણ મળે છે. આ પ્રથમ ગાથાનો સામાન્ય અર્થ એમ થાય કે "સમ્યક્ત્વ મેળવ્યા પછી પલ્યોપમપૃથક્ત્વ (૨ થી ૯ પલ્યોપમ) ગયે છતે દેશવિરતિ પ્રાપ્ત થાય છે. ત્યાર બાદ સંખ્યાતા સાગરોપમ વીતે છતે ક્રમશઃ સર્વવિરતિ, ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ સંપન્ન થાય છે". અત્રે પ્રશ્ન એ થાય કે આમાં દર્શાવાયેલું પલ્યોપમપૃથક્ત્વ વગેરે કાળમાન શેનું સમજવાનું છે ? સમ્યક્ત્વપ્રાપ્તિ પછી આટલો કાળ વીતે ત્યારે દેશવિરતિ વગેરે પ્રાપ્ત થાય એવો અત્રે સંદર્ભ છે કે સમ્યક્ત્વપ્રાપ્તિ પછી આટલી કર્મસ્થિતિનો ક્ષય થાય ત્યારે દેશવિરતિ વગેરે પ્રાપ્ત થાય એવું અત્રે તાત્પર્ય સમજવાનું છે ? કેમ કે આ ગાથાના અલગ-અલગ સ્થળે થયેલાં વિવેચનમાં બન્ને વાત જોવા મળે છે.

*વિશેષાવશ્યકમહાભાષ્ય* માં ૧૨૨૨-૧૨૨૩ ક્રમાંક પર આવેલી આ ગાથાઓનો મલધારી શ્રી*હેમચન્દ્રસૂરિજી* વિરચિત વૃત્તિમાં આવો ભાવાર્થ દર્શાવાયો છે -

"यावत्यां कर्मस्थितौ सम्यक्त्वं लब्धं तन्मध्यात् पल्योपमपृथक्त्वलक्षणस्थितिखण्डे क्षपिते देशविरतो भवेत् । ततोऽपि सङ्ख्यातेषु सागरोपमेषु क्षपितेषु चारित्रमवाप्नोति । ततोऽपि सङ्ख्यातेषु सागरोपमेषु क्षपितेषूपशमश्रेणिं प्रतिपद्यते । ततोऽपि सङ्ख्यातेषु सागरोपमेषु क्षपितेषु क्षपकश्रेणिर्भवतीति ।

कियत्सु भवेष्वेवं देशविरत्यादिलाभो भवति ? इत्याह – एवं अपरिवडिए ति । एवमप्रतिपतितसम्यक्त्वस्य देवमनुष्यजन्मसु संसरणं कुर्वतोऽन्योन्यमनुष्यभवे देशविरत्यादिलाभो भवति । यदिवा तीव्रशुभपरिणामवशात् क्षपितबहुकर्मस्थितेरेकस्मिन्नपि भवेऽन्यतरश्रेणिवर्जान्येतानि सर्वाण्यपि भवन्ति ।"

"આનો અર્થ એમ સમજાય છે કે જેટલી કર્મસ્થિતિમાં સમ્યક્ત્વ મળે તેમાંથી પલ્યોપમપૃથક્ત્વ જેટલી સ્થિતિનો ક્ષય થાય ત્યારે દેશવિરતિ અને ત્યાર બાદ સંખ્યાતા સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિનો ક્ષય થાય એટલે ક્રમશઃ સર્વવિરતિ, ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ પ્રાપ્ત થાય છે. આ વાત સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી એનું પતન ન થાય અને એ વ્યક્તિ દેવ અને મનુષ્યના ભવોમાં જ સંસરણ કર્યા કરે તે સ્થિતિને અનુલક્ષીને સમજવાની છે. (અન્યથા આ બધું પ્રાપ્ત થવામાં આનાથી વધુ કાલ પણ વીતી શકે છે.) વળી, તીવ્ર શુભ પરિણામથી તો કર્મસ્થિતિનો બહોળા પ્રમાણમાં ક્ષય થવાથી એક ભવમાં પણ, ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ – બેમાંથી એક સિવાય સઘળું મળી શકે છે."

*આવશ્યક* સૂત્રની શ્રી*હરિભદ્રસૂરિજી* રચિત વૃત્તિમાં પૃષ્ઠ ૭૫ પર ઉદ્ધૃત આ ગાથાઓના વિવરણમાં પણ આ જ ભાવ દર્શાવાયો છે -

"एवं सम्यग्दर्शनलाभोत्तरकालमवशेषकर्मणः पल्योपमपृथक्त्वस्थितिपरिक्षयोत्तरकालं देशविरतिरवाप्यते । पुनः शेषायाः सङ्ख्येयेषु सागरोपमेषु स्थितेरपगतेषु सर्वविरतिरिति ।"

આમ આ સંદર્ભોમાં સ્પષ્ટપણે કર્મસ્થિતિની જ ક્ષપણા જણાવાઇ છે. *બૃહત્કલ્પલઘુભાષ્ય* માં ૧૦૬-૧૦૭ ક્રમે આવેલી આ ગાથાઓની ચૂર્ણિમાં પણ કર્મસ્થિતિની ક્ષપણાનો જ સંકેત છે -

"पलियपुहुत्तेणं ति खविएणं ति वाक्यशेषः । सो तेण अप्परिवडिएणं कइ भवगहणाइं होज्जा ? उच्यते – उक्कोसेणं अट्ठ । जेण भणियं – एवं अपरिवडिए ति ।"

આવા અન્ય અનેક સંદર્ભો મળી શકે. પરંતુ અન્ય અનેક સંદર્ભોમાં કર્મસ્થિતિ નહીં, પણ કાલસ્થિતિની ક્ષપણા જણાવાઇ છે. જેમ કે *બૃહત્કલ્પલઘુભાષ્ય* ની વૃત્તિમાં શ્રી*મલયગિરિસૂરિજી* આ ગાથાઓના વિવરણમાં જણાવે છે કે -

"तत्र जघन्यतः समकमेव । यत उक्तम् – सम्मत्तचरित्ताइं जुगवं पुव्वं च सम्मत्तं । उत्कर्षतः पुनरेवं – सम्मत्तम्मि... । सम्यक्त्वे लब्धे पल्योपमपृथक्त्वे गते देशविरतो भवति । ततश्चरणोपशमक्षयाणामन्तराऽपि सङ्ख्यातानि सागरोपमानि भवन्ति । इयमत्र भावना – देशविरतिप्राप्त्यनन्तरं सङ्ख्यातेषु सागरोपमेषु गतेषु चरणलाभः, तदनन्तरं भूयः सङ्ख्यातेषु सागरोपमेषु गतेषूपशमश्रेणिलाभः, ततोऽपि परतः सङ्ख्येयेषु सागरोपमेष्वतिक्रान्तेषु क्षपकश्रेणिः, ततस्तद्भवे मोक्षः । एवममुना प्रकारेणाऽप्रतिपतितसम्यक्त्वे देवमनुष्यजन्मसु वर्तमानस्य प्रतिपत्तव्यम् ।"

"જઘન્યથી તો સમ્યક્ત્વ અને વિરતિ સાથે જ મળે છે. અને ઉત્કર્ષથી સમ્યક્ત્વ મળ્યા પછી પલ્યોપમપૃથક્ત્વ જેટલો કાલ વીતે ત્યારે દેશવિરતિ મળે છે. અને ત્યારબાદ સર્વવિરતિ, ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ મળવામાં સંખ્યાતા સંખ્યાતા સાગરોપમો જેટલો કાલ વીતી જાય છે. આ વાત સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી એનું પતન ન થાય એ સ્થિતિને અનુલક્ષીને સમજવાની છે. (અન્યથા આ બધું પ્રાપ્ત થવામાં આનાથી વધુ કાલ પણ વીતી શકે છે.)"

આમ, આમાં સ્પષ્ટપણે કાલસ્થિતિની ક્ષપણાનો જ સંદર્ભ છે. શ્રી*હરિભદ્રસૂરિજી* રચિત *પંચાશક* પ્રકરણના પ્રથમ પંચાશકની ચાન્દ્રકુલીન શ્રી*શ્રીચન્દ્રસૂરિજી* ના પટ્ટધર શ્રી*યશોદેવસૂરિજી* રચિત ચૂર્ણિ(*આદ્યપંચાશકચૂર્ણિ*)માં પણ -

"सम्मा पलियपुहुत्तेऽवगए कम्माण भावतो होंति ।

वयपभिईणि भवन्नवतरंडतुल्लाणि नियमेण ।।" (गाथा – १.६)

એ ગાથાના વિવરણમાં પણ કાલસ્થિતિની ક્ષપણાનો જ સંકેત મળે છે –

"नणु जया सम्मत्तजुत्तो चेव नवपलिओवमअहिगठिइगेसु देवेसु उप्पज्जइ तया देवभवे विरइअभावाओ कहं 'सम्मत्तम्मि उ लद्धे पलिअपुहुत्तम्मि सावओ होज्जा' एअं घडइ ? । एत्थ भणइ – तीए अवत्थाए जावइयगं ठितिं खवेइ तावइयं अण्णं बंधइ, तओ देसूणसागरोवमकोडाकोडिपरिमाणाए ठिइए पलिओवमपुहुत्तविगमो न भवइ । ततो न देवभवाइसु देसविरइलाभसंभवो । अओ नत्थि विरोहो ।"

"અત્રે એક શંકા ઉપસ્થિત કરીને તેનું સમાધાન કરાયું છે. શંકા આમ છે – સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જીવ અનંતર ભવમાં સમ્યક્ત્વસહિત જો નવ પલ્યોપમ કરતાં વધારે આયુષ્ય ધરાવતા દેવ તરીકે જન્મે તો તે ભવમાં વિરતિ પ્રાપ્ત કરવાનો સંભવ ન હોવાથી 'ઉત્કર્ષથી સમ્યક્ત્વ મળ્યા પછી પલ્યોપમપૃથક્ત્વ જેટલો કાલ વીતે ત્યારે દેશવિરતિ મળે છે' એ નિયમ તૂટી નહીં જાય ? આનું સમાધાન આમ કરાયું છે – દેવભવમાં જેટલી સ્થિતિનો ક્ષય થાય છે, તેટલી નવી સ્થિતિ બંધાય પણ છે. એટલે સમ્યક્ત્વપ્રાપ્તિ વખતની દેશોનન્યૂન સાગરોપમકોટાકોટી જેટલી સ્થિતિમાંથી પલ્યોપમપૃથક્ત્વ જેટલી સ્થિતિનો ક્ષય ન થવાથી, દેશવિરતિની પ્રાપ્તિનો ત્યાં સંભવ જ નથી. એટલે ઉપરોક્ત નિયમનો ભંગ થવાની પણ આપત્તિ નહીં આવે."

અત્રે શંકા કાલસ્થિતિની ક્ષપણાની અપેક્ષાએ જ ઘટે છે. કેમ કે જો કર્મસ્થિતિની ક્ષપણાની જ વાત હોત તો અનંતર દેવભવમાં નવ પલ્યોપમ કરતાં વધારે આયુષ્ય હોય તો નિયમનો ભંગ વગેરે પ્રશ્ન જ ન ઊઠી શકે. એટલે આપણે માની શકીએ કે શ્રી*યશોદેવસૂરિજી* ને પણ सम्मत्ते पुण लद्धे... માં કાલસ્થિતિની ક્ષપણા જ અભિપ્રેત હશે. પરંતુ અહીં સમાધાન 'કાલસ્થિતિની ક્ષપણા હોવા છતાં કર્મસ્થિતિની ક્ષપણા નથી' એ સિદ્ધાંતના આધારે અપાયું છે. આ બાબત મૂંઝવણ જન્માવે તેવી છે.

પણ *આદ્યપંચાશકચૂર્ણિ* માં જ આપણને આનું સરસ સમાધાન મળે છે. ત્યાં આવો પાઠ છે -

"ततो गंठिभेएण सम्मत्तं लहइ । तओ सेसकम्मठिईए पलिओवमपुहुत्ते खविए अणुव्वयाणि लहइ त्ति एस आगमाभिप्पाओ । ... पलिओवमपुहुत्ताइअणुभवणीयस्स कम्मुणो विगमो पुण अणुक्कमेण (अणुक्कमवेयणेण) वा होइ वीरियउल्लासेण करणंतरपवित्तीए अइसिग्घकालेण वा ।"

આ પાઠના આધારે વિચારીએ તો એમ સમજાય છે કે વસ્તુતઃ **सम्मत्ते पुण लद्धे...** માં પલ્યોપમપૃથક્ત્વ કે સંખ્યાતસાગરોપમ જેટલી કર્મસ્થિતિની ક્ષપણાનો જ સંદર્ભ છે. પરંતુ આ કર્મસ્થિતિ જો અનુક્રમે ભોગવીએ તો તે ભોગવવામાં પણ પલ્યોપમપૃથક્ત્વ કે સંખ્યાતસાગરોપમ જેટલો જ (એટલે કે ઉત્કૃષ્ટથી આઠ ભવ જેટલો) કાલ વીતે છે. આ જ કાલસ્થિતિની ક્ષપણા છે. ઘણાખરા જીવો આ રીતે પલ્યોપમપૃથક્ત્વ કે સંખ્યાતસાગરોપમ જેટલા કાલમાં અનુક્રમે ભોગવીને જ કર્મસ્થિતિનો ક્ષય કરતાં હોય છે. એટલે **सम्मत्ते पुण लद्धे...** માં કર્મસ્થિતિની જેમ કાલસ્થિતિની ક્ષપણાનો પણ સંદર્ભ સમજી જ શકાય છે. પરંતુ કેટલાક જીવો પ્રબળ વીર્યોલ્લાસથી અત્યલ્પ કાલમાં પણ એટલી કર્મસ્થિતિનો ક્ષય કરી શકે છે. એટલે એ જીવો પૂરતો અત્રે કાલસ્થિતિની ક્ષપણાનો સંદર્ભ સમજી શકાતો નથી. અને સમ્યક્ત્વ જો ચાલ્યું જાય તો તો ઘણો લાંબો કાળ પણ વીતી શકે છે.

સારાંશ - <u>**सम्मत्ते पुण लद्धे...** માં મુખ્યતાએ કર્મસ્થિતિની ક્ષપણાનો જ સંદર્ભ સમજવાનો છે. અને તેથી ઘણાખરા ગ્રંથોમાં એ પ્રમાણે જ નિરૂપણ થયું છે. પરંતુ બહુલતાએ એ ક્ષપણા અનુક્રમે ભોગવીને થતી હોવાથી અને એ ભોગવવામાં કર્મસ્થિતિના પ્રમાણ જેટલો જ સમય વીતતો હોવાથી, પલ્યોપમપૃથક્ત્વ કે સંખ્યાતસાગરોપમ એ માપ કાલસ્થિતિની અપેક્ષાએ પણ સમજી જ શકાય છે. અને એ પ્રમાણે ક્યાંક ક્યાંક પ્રરૂપણા પણ થઈ છે.</u> – **त्रै.**

* * *

## 'અંગુલ' ના પ્રમાણ વિશે કંઇક

આપણે ત્યાં 'અંગુલ' નામના પ્રમાણથી અનેક પદાર્થોના પ્રમાણનો નિર્દેશ થતો હોય છે. તેમાં જુદા જુદા અંગુલોના પ્રમાણ અંગે આપણા મનમાં થોડીક અસ્પષ્ટતા રહેતી હોય છે. તેથી આ વખતે તે અંગે વિમર્શ કરવા વિચાર્યું છે.

પ્રમાણ-માપ તરીકે ઉલ્લેખાતા 'અંગુલ' ત્રણ પ્રકારના હોય છે –

"अंगुले तिविहे पन्नत्ते । तं जहा – आयंगुले १, उस्सेहंगुले २, पमाणंगुले ३ ।।" (*અનુયોગદ્વાર* - ૩૩૩)

૧. આત્માંગુલ ૨. ઉત્સેધાંગુલ ૩. પ્રમાણાંગુલ

આ ત્રણે અંગુલપ્રમાણની વ્યાખ્યા *અનુયોગદ્વાર* માં આ રીતે સમજાવી છે –

"से किं तं आयंगुले ? आयंगुले जे णं जया मणुस्सा भवंति तेसि णं तया अप्पणो अंगुलेणं दुवालस अंगुलाइं मुहं, नवमुहाइं पुरिसे पमाणजुत्ते भवति ।।" (*અનુયોગદ્વાર* - ૩૩૪)

"જે સમયે જે મનુષ્ય હોય તેમના પોતાના આંગળથી તેમનું મુખ બાર આંગળનું હોય છે. નવ મુખ જેટલા પ્રમાણવાળો પુરુષ પ્રમાણયુક્ત ગણાય છે. મતલબ કે જે સમયે જે પુરુષ પ્રમાણયુક્ત ગણાતો હોય તેના પોતાના આંગળનું માપ તે સમયનું આત્માંગુલ ગણાય છે."

"से किं तं उस्सेहंगुले ? अणंताणं वावहारियपरमाणुपोग्गलाणं समुदयसमितिसमागमेणं सा एगा उस्सण्ह-सण्हिया ...अट्ठ उस्सण्हसण्हियाओ सा एगा सण्हसण्हिया, अट्ठ सण्हसण्हियाओ सा एगा उड्ढरेणू, ...अट्ठ जवमज्झे से एगे उस्सेहंगुले ।।" (*અનુયોગદ્વાર* - ૩૪૪)

"પરમાણુ, ઊર્ધ્વરેણુ, ત્રસરેણુ, રથરેણુ વગેરે ના ઉત્સેધથી જેની ગણતરી થાય છે તે ઉત્સેધાંગુલ ગણાય છે. અનંત વ્યાવહારિક પરમાણુઓનો સમુદાય ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા ગણાય છે. આઠ ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા મળીને એક શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા, આઠ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા બરાબર એક ઊર્ધ્વરેણુ, આઠ ઊર્ધ્વરેણુ બરાબર એક ત્રસરેણુ, આઠ ત્રસરેણુ બરાબર એક રથરેણુ, આઠ રથરેણુ બરાબર એક વાલાગ્ર (આમાં અલગ-અલગ વાલાગ્રના માપ ગણાય છે.), આઠ વાલાગ્રની એક લીખ, આઠ લીખની એક યૂકા, આઠ યૂકાનો એક જવ, અને આઠ જવનો એક ઉત્સેધાંગુલ ગણાય છે."

"से किं तं पमाणंगुले ? पमाणंगुले एगमेगस्स णं रण्णो चाउरंतचक्कवट्टिस्स अट्ठसोवण्णिए कागणिरयणे छत्तले दुवालसंसिए अट्ठकण्णिए अहिगरणिसंठाणसंठिए पण्णत्ते, तस्स णं एगमेगा कोडी उस्सेहंगुलविक्खंभा, तं समणस्स भगवओ महावीरस्स अद्धंगुलं, तं सहस्सगुणं पमाणंगुलं भवति ।।" (*અનુયોગદ્વાર* - ૩૫૮)

"પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તી રાજાનું કાકિણીરત્ન આઠ સુવર્ણ જેટલા વજનવાળું, છ સપાટી, બાર ભુજા અને આઠ ખૂણાવાળું તથા અધિકરણ (સોનીનું એક ઓજાર) સંસ્થાને સંસ્થિત હોય છે. તે રત્નની પ્રત્યેક ભુજા એક ઉત્સેધાંગુલ જેટલા માપની હોય છે. તે ઉત્સેધાંગુલ શ્રમણ ભગવાન મહાવીરનું અર્ધ આત્માંગુલ થાય છે. આ ઉત્સેધાંગુલને એક હજારથી ગુણીએ એટલે એક પ્રમાણાંગુલ થાય છે."

આમાં આત્માંગુલ તે તે કાળના માપે અનિયત હોય છે. *વિશેષાવશ્યકભાષ્ય* ની *કોટ્યાચાર્ય* - કૃત વૃત્તિમાં આ અંગે જણાવાયું છે કે -

"जे णं जता मणुस्सा तेसिं जं होइ माणरूवं ति ।

तं भणियमिहाऽऽयंगुलमणियतमाणं पुण इमं तु ।।" (પૃષ્ઠ ૧૦૮)

"જે કાળે પુરુષનું જે માપ હોય તેના આધાર પર આત્માંગુલનું માપ ગણાય છે. પુરુષનું માપ અનવસ્થિત હોવાથી આત્માંગુલનું માપ પણ અનિયત હોય છે."

હવે *અનુયોગદ્વાર* સૂત્ર – ૩૫૮ ની ચૂર્ણિમાં જણાવાયું છે કે –

"भरहो आयंगुलेण वीसुत्तरमंगुलसतं, तं च सपादं धणुयं, उस्सेहंगुलमाणेण पंच धणुसता । ...एगम्मि सेढिप्पमाणंगुले चउरो उस्सेहंगुलसता भवंति । तं च पमाणंगुलं उस्सेहंगुलबाहल्लं अड्ढातियंगुलवित्थडं । जे ते सेढीए चतुरो सता लद्धा ते अड्ढायियंगुलगुणिता सहस्समुस्सेहंगुलाण, तं एवं सहस्सगुणं भवति ।।"

"ભરત ચક્રવર્તીનું એક આત્માંગુલ એક પ્રમાણાંગુલ ગણાય છે. એમનું શરીર એમના પોતાના આત્માંગુલથી ૧૨૦ આંગળનું હતું. અને ઉત્સેધાંગુલથી તે ૫૦૦ ધનુષ્યના હતા. એક ધનુષ્યના ૯૬ આંગળ થાય છે. તેથી ૫૦૦ ધનુષ્યના ૪૮૦૦૦ આંગળ થશે. આમ ભરત ચક્રવર્તી આત્માંગુલ (પ્રમાણાંગુલ)થી ૧૨૦ આંગળના હતા અને ઉત્સેધાંગુલથી ૪૮૦૦૦ આંગળના હતા. ૪૮૦૦૦÷૧૨૦ = ૪૦૦. તેથી એક પ્રમાણાંગુલ બરાબર શ્રેણિની અપેક્ષાએ ૪૦૦ ઉત્સેધાંગુલ થશે. હવે પ્રમાણાંગુલની જાડાઈ ઉત્સેધાંગુલ કરતાં અઢી ગણી હોય છે. તેથી ૪૦૦ ને અઢીથી ગુણતાં ૧૦૦૦ થશે." <u>આમ ક્ષેત્રગણિતની અપેક્ષાએ પ્રમાણાંગુલ ઉત્સેધાંગુલ કરતાં ૧૦૦૦ ગણું અને શ્રેણિની અપેક્ષાએ ૪૦૦ ગણું થાય છે.</u> તેથી પ્રમાણાંગુલને ઉત્સેધાંગુલમાં કે ઉત્સેધાંગુલને પ્રમાણાંગુલમાં ફેરવતી વખતે આપણે આ અપેક્ષાઓ ધ્યાનમાં રાખવી જોઈએ.

શ્રીવીરપ્રભુનું આત્માંગુલ ઉત્સેધાંગુલથી બમણું હતું. મતલબ કે ઉત્સેધાંગુલને બમણું કરીએ તો શ્રીવીરપ્રભુનું આત્માંગુલ થાય અને ઉત્સેધાંગુલને ૧૦૦૦ ગણું કરીએ તો ભરત ચક્રવર્તીનું આત્માંગુલ થાય. *શ્રીજિનભદ્રગણિ* - વિરચિત *વિશેષ-ણવતિ* ગ્રંથમાં આ જ વાત જણાવવામાં આવી છે –

"उस्सेहंगुलमेगं हवइ पमाणंगुलं सहस्सगुणं । उस्सेहंगुलदुगुणं वीरस्साऽऽयंगुलं भणियं ।।" (ગાથા – ૧)

હવે આમાં પ્રશ્ન એ થાય કે શ્રીવીરપ્રભુ ઉત્સેધાંગુલથી સાત હાથ એટલે કે ૧૬૮ આંગળ ઊંચા હતા. જ્યારે આત્માંગુલથી એમની ઊંચાઈ ૧૦૮ આંગળની હતી. તો ઉત્સેધાંગુલ કરતાં એમનું આત્માંગુલ બમણું કઈ રીતે કહેવાય ? અને જો એ વાતને સાચી માનીએ તો તેઓ ઉત્સેધાંગુલથી ૨૧૬ આંગળ (૯ હાથ) ના હતા એમ માનવું પડે. અથવા તો આત્માંગુલથી તેમની ઊંચાઈ ૧૬૮÷૨ = ૮૪ આંગળની માનવી પડે. *વિશેષ-ણવતિ* માં આ પ્રશ્ન આમ રજૂ થયો છે -

"एवं चाऽऽयंगुलओ कहमट्ठसयं जिणो हवइ वीरो ? ।

उस्सेहंगुलमाणेण किह व सयमट्ठसट्ठं सो ? ।।

दो सोलसुत्तरसया उस्सेहंगुलपमाणतो एवं ।

अहवाऽऽयंगुलमाणेण होइ चुलसीइमुव्विद्धो ।।" (ગાથા – ૨-૩)

આનું સમાધાન આપણને *અનુયોગદ્વાર* સૂત્ર – ૩૫૮ ની ચૂર્ણિમાંથી જ મળે છે. ત્યાં જણાવાયા મુજબ –

"जतो वीरो आदेसंतरतो आयंगुलेण चुलसीतिमंगुलुव्विद्धो, उस्सेहतो पुण सतमट्ठसट्ठं भवति, अतो दो उस्सेहंगुला वीरस्स आतंगुलं, एवं वीरस्स आयंगुलातो अद्धे उस्सेहंगुलं दिट्ठं । जेसिं पुण वीरो आयंगुलेण अट्ठुत्तरमंगुलसतं, तेसिं वीरस्स आयंगुले एगमुस्सेहंगुलं उस्सेहंगुलस्स य पंच णवभागा भवंति । जेसिं पुण वीरो आयंगुलेण वीसुत्तरमंगुलसतं, तेसिं वीरस्स आयंगुले एगमुस्सेहंगुलं उस्सेहंगुलस्स य दो पंचभागा भवंति ।।"

"શ્રીવીરપ્રભુ એક આદેશ મુજબ આત્માંગુલથી ૮૪ આંગળ (૩$\frac{૧}{૨}$ હાથ) ઊંચા હતા. અને ઉત્સેધાંગુલથી તેમની ઊંચાઈ ૧૬૮ આંગળની હતી. તેથી તે મતે ૧૬૮÷૮૪ = ૨ ગણતાં શ્રીવીરપ્રભુના આત્માંગુલથી ઉત્સેધાંગુલ અડધું થાય છે. અને આ મતને અનુસરીને જ *અનુયોગદ્વાર* સૂત્રમાં ઉત્સેધાંગુલથી શ્રીવીરપ્રભુનું આત્માંગુલ બમણું જણાવ્યું છે.

એક મતે શ્રીવીરપ્રભુ આત્માંગુલથી ૧૦૮ આંગળ (૪$\frac{૧}{૨}$ હાથ) ઊંચા હતા. તેથી તે મતે ૧૬૮÷૧૦૮ = ૧$\frac{૫}{૯}$ ગણતાં શ્રીવીરપ્રભુના એક આત્માંગુલ બરાબર ૧$\frac{૫}{૯}$ ઉત્સેધાંગુલ થાય છે.

એક મતે શ્રીવીરપ્રભુ આત્માંગુલથી ૧૨૦ આંગળ (૫ હાથ) ઊંચા હતા. તેથી તે મતે ૧૬૮÷૧૨૦ = ૧$\frac{૨}{૫}$ ગણતાં શ્રીવીરપ્રભુના એક આત્માંગુલ બરાબર ૧$\frac{૨}{૫}$ ઉત્સેધાંગુલ થાય છે."

પણ *શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ* ને તો આમાંથી શ્રીવીરપ્રભુ આત્માંગુલથી ૮૪ આંગળના હતા એવો પ્રથમ મત જ અભીષ્ટ છે. અથવા તો તેમના મતે શ્રીવીરપ્રભુની ઊંચાઇ ઉત્સેધાંગુલથી ૨૧૬ આંગળની માનવી જોઇએ. કેમ કે તેઓ *વિશેષ-ણવતિ* માં ફરમાવે છે કે –

"भरहायंगुलमेगं जइ अ पमाणंगुलं तु निद्दिट्ठं ।

तो भरहो वीराओ पंचसयगुणो न संदेहो ।।" (ગાથા - ૪)

"ભરત ચક્રવર્તીનું આત્માંગુલ એ પ્રમાણાંગુલ ગણાય છે. અને પ્રમાણાંગુલ ઉત્સેધાંગુલથી ૧૦૦૦ ગણું હોય છે. હવે શ્રીવીરપ્રભુનું આત્માંગુલ ઉત્સેધાંગુલથી બમણું છે. તેથી ઉત્સેધાંગુલથી બમણા શ્રીવીરપ્રભુના આત્માંગુલથી, ઉત્સેધાંગુલથી ૧૦૦૦ ગણું ભરત ચક્રવર્તીનું આત્માંગુલ ૫૦૦ ગણું જ થવાનું. તેથી <u>શ્રીવીરપ્રભુ કરતાં ભરત ચક્રવર્તી ૫૦૦ ગણા હતા તેમાં સંદેહ નથી."</u> (આ માટે શ્રીવીરપ્રભુનું આત્માંગુલ ઉત્સેધાંગુલથી બમણું માનવું જ પડે.)

આ બધી વિચારણા પરથી એ ફલિત થાય છે કે 'ઉત્તમ પુરુષો આત્માંગુલથી ૧૦૮ આંગળના હોય છે અને તીર્થંકર ભગવંતો આત્માંગુલથી ૧૨૦ આંગળના હોય છે' એવી *કલ્પસૂત્ર* ની વૃત્તિ જેવાં સ્થળોએ કરલી પ્રરૂપણાને પ્રાયિક સમજવી જોઇએ. *અનુયોગદ્વાર* સૂત્ર – ૩૩૪ માં પણ –

"होंति पुण अहियपुरिसा अट्ठसतं अंगुलाण उव्विद्धा ।

छण्णउति अहमपुरिसा चउरुत्तर मज्झिमिल्ला उ ।।"

"ઉત્તમ પુરુષો આત્માંગુલથી ૧૦૮ આંગળના, મધ્યમ પુરુષો આત્માંગુલથી ૧૦૪ આંગળના અને જઘન્ય પુરુષો આત્માંગુલથી ૯૬ આંગળના" એવી જે પ્રરૂપણા કરી છે તે પણ પ્રાયિક જ સમજાય છે. અન્યથા એ સૂત્રમાં જ શ્રીવીરપ્રભુના આત્માંગુલથી ઉત્સેધાંગુલને બમણું ગણવાની વાત ન હોત. તેમ જ ભરત ચક્રવર્તીના આત્માંગુલથી ઉત્સેધાંગુલને ૧૦૦૦ ગણું ગણવાની વાત ન હોત. કેમ કે જો શ્રીવીરપ્રભુને આત્માંગુલથી ૮૪ આંગળના ગણીએ અને ભરત ચક્રવર્તીને આત્માંગુલથી ૧૨૦ આંગળના ગણીએ તો જ આ બન્ને પ્રમાણ શક્ય બને છે.

આમાં તીર્થંકર ભગવંતો આત્માંગુલથી ૧૨૦ આંગળના હોય છે એવી વાતની સંગતિ માટે આ સિવાય પણ એક સમાધાન વિચારી શકાય. શ્રેણિગણિતની અપેક્ષાએ ભરત ચક્રવર્તીના આત્માંગુલ કરતાં ઉત્સેધાંગુલ ૪૦૦ ગણું જ હોવા છતાં, ક્ષેત્રગણિતની અપેક્ષાએ જ એને ૧૦૦૦ ગણું ગણવામાં આવે છે. તો એ જ રીતે શ્રેણિગણિતની અપેક્ષાએ શ્રીવીરપ્રભુના આત્માંગુલથી ઉત્સેધાંગુલ ૧$\frac{૨}{૫}$ ગણું જ હોવા છતાં, ક્ષેત્રગણિતની અપેક્ષાએ એને બમણું ગણવામાં આવ્યું હોય એમ સમજી ન શકાય ? જેમ ભરત ચક્રવર્તીના આત્માંગુલ વખતે એની જાડાઇને પણ ધ્યાનમાં લેવામાં આવે છે તેમ શ્રીવીરપ્રભુના આત્માંગુલ વખતે પણ જો ધ્યાનમાં લઇએ તો લંબાઇ તેમ જ જાડાઇ ઉભયથી ગણતાં શ્રીવીરપ્રભુના આત્માંગુલથી ઉત્સેધાંગુલ બમણું સિદ્ધ થવાથી તે કરવા માટે શ્રીવીરપ્રભુને આત્માંગુલથી ૮૪ આંગળના ન ગણવા પડે. અથવા તો તેમને ઉત્સેધાંગુલથી ૧૬૮ આંગળને બદલે ૨૧૬ આંગળના ન સમજવા પડે. અને તો *કલ્પસૂત્ર* ની વૃત્તિ જેવા સ્થળે કરવામાં આવેલી 'તીર્થંકર ભગવંતો આત્માંગુલથી ૧૨૦ આંગળના હોય છે' એવી પ્રરૂપણા પણ સંગત થઇ શકે. જો કે આ તો એક વિચારણામાત્ર છે. કોઇ સ્થળે આવા સાક્ષાત્ શબ્દો દેખાતા નથી. પણ શાસ્ત્રવચનોની સંગતિ કરવા માટે આ ચિંતન કર્યું છે. વિદ્વજ્જનોને આ સંબંધે માર્ગદર્શન આપવા વિનંતિ.

આત્માંગુલ, ઉત્સેધાંગુલ તેમ જ પ્રમાણાંગુલ – આ ત્રણે અંગુલથી જૈન શાસ્ત્રોમાં કયા કયા પદાર્થોનું પ્રમાણ જણાવાય છે તે અંગે *અનુયોગદ્વાર* સૂત્રમાં આ પ્રમાણે જણાવાયું છે –

આત્માંગુલથી મપાતા પદાર્થો – કૂવા, તળાવ, દ્રહ, નદી, વાવડી, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સર, સર-પંક્તિકા, સર-સર-પંક્તિકા, બિલ-પંક્તિકા, આરામ, ઉદ્યાન, કાનન, વન, વનખંડ, વનરાજી, દેવકુલ, સભા, પ્રપા, સ્તૂપ, ખાઇ, પરિખા, પ્રાકાર, અટ્ટાલક, ચરિકા, દ્વાર, ગોપુર, પ્રાસાદ, ઘર, શરણ, લયન, આપણ, શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, પથ, શકટ, યાન, રથ, યુગ્ય, ગિલ્લિ, થિલ્લિ, શિબિકા, સ્યન્દમાનિકા, લોહી, લોહકટાહ, કડછી, આસન, શયન, સ્તંભ, ભાંડ, અમત્ર આદિ ઉપકરણ તેમ જ તત્કાલીન યોજનાદિ માપ.

ઉત્સેધાંગુલથી મપાતા પદાર્થો – નૈરયિક, તિર્યગ્યોનિક, મનુષ્ય અને દેવોના શરીરોની અવગાહના.

પ્રમાણાંગુલથી મપાતા પદાર્થો – રત્નપ્રભા વગેરે પૃથ્વીઓ, રત્નકાંડ વગેરે કાંડ, પાતાલ, ભવન, ભવન-પ્રસ્તટ, નરક, નરકાવલિ, નરક-પ્રસ્તટ, કલ્પ, વિમાન, વિમાન-શ્રેણિ, વિમાન-પ્રસ્તટ, ટંક, કૂટ, શૈલ, શિખરી, પ્રાગ્ભાર, વિજય, વક્ષસ્કાર, વર્ષ, વર્ષધર પર્વત, વેલા, વેદિકા, દ્વાર, તોરણ, દ્વીપ-સમુદ્રોની લંબાઇ, પહોળાઇ, ઊંચાઇ, ઊંડાઇ અને પરિધિ. – **त्रै.**

# સાધુ અસંયમીને દાન આપી શકે ?

આ પ્રશ્ન સંયમીઓ સમક્ષ અનેક વખત પૂછાતો જ હોય છે. આ સંદર્ભે શ્રી*હરિભદ્રસૂરિજી* રચિત *અષ્ટક* પ્રકરણમાં તીર્થંકરદાન-સફળતાસિદ્ધિ અષ્ટકમાં નીચે મુજબ જણાવાયું છે –

"ज्ञापकं चाऽत्र भगवान् निष्क्रान्तोऽपि द्विजन्मने । देवदूष्यं ददद् धीमाननुकम्पाविशेषतः ।।"

આ શ્લોકની શ્રી*જિનેશ્વસૂરિજી* કૃત વૃત્તિ આ મુજબ છે -

"यतेरप्यवस्थाविशेषेऽसंयताय दानमदुष्टम्, अनुकम्पानिमित्तत्वात् । यदनुकम्पानिमित्तं तददुष्टं, निष्क्रान्तस्य भगवतो द्विजन्मदानवत् । अनुकम्पानिमित्तं च यतेरसंयतदानम् । तस्मात् तददुष्टमिति । अथवा ज्ञापकं हेतुरित्यर्थः । तत्र चैवं प्रयोगः – यद् भगवदासेवितं तद् यतीनां सेवनीयं शीलमिव । आसेवितं च भगवताऽसंयतदानमिति ।।"

વિશિષ્ટ અવસ્થામાં સાધુ પણ અસંયમીને દાન આપે તો તે નિર્દોષ છે. કેમ કે એમાં અનુકંપા નિમિત્ત છે. જે દાન અનુકંપાથી થાય તે દોષિત નથી. જેમ કે દીક્ષા વખતે પ્રભુએ બ્રાહ્મણને કરેલું દાન. એટલે સાધુ અસંયમીને અનુકંપા નિમિત્તે દાન કરે તો તે નિર્દોષ છે. અત્રે જ્ઞાપકનો અર્થ હેતુ એવો પણ થાય છે. આનો મતલબ એ થશે કે ભગવાને જે આચર્યું છે તે સાધુને પણ આચરવા યોગ્ય છે. જેમ કે શીલ- સંયમ. એટલે ભગવાને સ્વયં અસંયતને દાન આપ્યું હોવાથી સાધુ માટે તે પણ આચરવા યોગ્ય બને છે. – **મુનિ શ્રીરાજદર્શનવિજયજી (ડહેલાવાળા-સમુદાય)**

[આ વિષયનું વિવરણ ઉપાધ્યાયજી કૃત દાનદ્વાત્રિંશિકામાં પણ પ્રાપ્ત છે. – સં.]

* * *

# મધ્યમ તીર્થના શ્રાવકોને અણુવ્રત કેટલાં ?

સામાન્ય રીતે આપણે એવું જાણીએ છીએ કે પહેલા અને છેલ્લા તીર્થંકર ભગવંતના સાધુભગવંતોને ૫ મહાવ્રત હોય છે, જ્યારે મધ્યમ તીર્થંકર ભગવંતના સાધુભગવંતોને ૪ મહાવ્રત હોય છે, કારણ કે તેઓ ઋજુ અને પ્રાજ્ઞ છે. પરંતુ શ્રાવકોને પણ એ રીતે ૪ અને ૫ અણુવ્રત એવો ભેદ હોય ? એવો પ્રશ્ન આપણા મનમાં અવશ્ય થાય. આ અંગે શ્રી*હરિભદ્રસૂરિજી* રચિત *પંચાશક* પ્રકરણના પ્રથમ પંચાશકની ગાથાક્રમાંક ૭ ની શ્રી*અભયદેવસૂરિજી* વિરચિત વૃત્તિમાં સરસ ખુલાસો મળે છે –

"पञ्चेत्यादि' । पञ्चेति सङ्ख्या । तुशब्दोऽवधारणे । ततः पञ्चैव, न चत्वारि, मध्यमतीर्थेषु महाव्रतानीव । यतः शैलकज्ञाते शैलकराजो नेमिनाथशिष्यान्तिके पञ्चाणुव्रतिकं सप्तशिक्षाव्रतिकं श्रमणोपासकधर्मं प्रतिपन्न इत्यभिहितम् ।"

આનો મતલબ એમ સમજાય છે કે મધ્યમ તીર્થંકરના શ્રાવકો ઋજુ અને પ્રાજ્ઞ હોવા છતાં એમને અણુવ્રત તો છેલ્લા તીર્થંકરના સાધુઓની જેમ ૫ જ હતાં. – **મુનિ શ્રીમુક્તિતિલકવિજયજી** (પૂ.કલાપૂર્ણસૂરિ-સમુદાય)

[કલિકાલસર્વજ્ઞ શ્રી*હેમચન્દ્રાચાર્ય* રચિત *ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત* ના પર્વ-૯, સર્ગ-૩, શ્લોક-૩૨૩ માં શ્રીપાર્શ્વનાથની કેવલજ્ઞાન પછીની પ્રથમ દેશનામાં નીચે મુજબ જણાવાયું છે –

"द्वितीयोऽगारिणां पञ्चाऽणुव्रतानि गुणास्त्रयः । शिक्षाव्रतानि चत्वारीति द्वादशविधो मतः ।।"

ત્યાં ચોથા અને પાંચમા અણુવ્રતના અતિચારો પણ અલગ-અલગ જ જણાવાયા છે. એ જ રીતે પર્વ-૬, સર્ગ-૭, શ્લોક-૧૭૯ માં શ્રીમુનિસુવ્રતસ્વામીની દેશનામાં પણ પાંચ અણુવ્રતની જ વાત છે.

વળી, શ્રી*સ્થાનાંગ* સૂત્રમાં શ્રમણભગવંતોને અનુલક્ષીને તીર્થભેદની અપેક્ષાએ ચોથા અને પાંચમા – બે સ્થાનમાં મહાવ્રતની વાત છે, પણ શ્રાવકો માટે તો એક પાંચમા સ્થાનમાં જ પાંચ અણુવ્રતની નોંધ છે. આના પરથી સમજાય છે કે સર્વથા પરિગ્રહવિરમણમાં સ્ત્રીને પણ પરિગ્રહ ગણીને એનો ત્યાગ સમજી શકાય. પણ શ્રાવકને અપાતા સ્થૂલ પરિગ્રહપરિમાણ અણુવ્રતમાં સ્વદારાસંતોષ-પરદારાગમનવિરમણનો સમાવેશ સમજી શકાતો નથી. તેથી તેના માટે અલગથી જ અણુવ્રત ગણાય છે. – સં.]

* * *

# ઉપમિતિભવપ્રપઞ્ચાકથા ના નામકરણ અંગે વિશેષ

**શ્રુતસંવિભાગ** – ૧ માં ઉપમિતિભવપ્રપઞ્ચાકથા ના નામકરણ અંગે ચર્ચા થઇ હતી. આ સંબંધે મુનિ શ્રી*રાજસુંદર-વિજયજી*એ (પૂ. રાજેન્દ્રસૂરિ-સમુદાય) 'શ્રીસિદ્ધર્ષિ' એ પુસ્તકમાંથી કેટલાંક પાનાંની ઝેરોક્સ પાઠવી છે. તેમાં પૃષ્ઠ ૨૦ ૫૨ તે પુસ્તકના લેખક શ્રી*મોતીચંદ ગિરધરલાલ કાપડિયા* એ ઉપમિતિભવપ્રપઞ્ચાકથા ના નામકરણ સંદર્ભે નીચે મુજબ જણાવ્યું છે –

"ઉપમિત શબ્દ લઈએ તો સમાસ વધારે સારી રીતે છૂટી શકે છે...ઉપમિત કૃદંત છે અને ઉપમિતિ નામ છે. આ કારણે અને ક્વચિત્ એવો પાઠ અસલ પ્રતિઓમાં લભ્ય છે તેથી આ સવાલ ઊભો થયો છે. છતાં જૈનગ્રંથોમાં, સૂચિઓમાં અને સંપ્રદાયમાં 'ઉપમિતિ' શબ્દથી જ આ ગ્રંથની ઓળખ એટલી બધી જાણીતી થયેલી છે કે એમાં ફેરફાર કરવાની જરા પણ જરૂર નથી. જૂની પ્રતોમાં પણ 'ઉપમિતિ' અભિધાનપૂર્વક જ આ ગ્રંથનો નિર્દેશ થયો છે."

આમ, તેઓ ફક્ત પરંપરાના અનુસરણ ખાતર જ उपमितिभवप्रपञ्चाकथा એ નામ સ્વીકારવાનું જણાવે છે. પ્રાચીન પ્રતો 'ઉપમિત' એ જ પાઠ ધરાવે છે તે મૂળ ચર્ચામાં આપણે જોયું જ છે.

આ સંદર્ભે તે જ પુસ્તકના ૧૯ મા પૃષ્ઠ પર, પ્રો. *પિટર્સન* દ્વારા સંપાદિત અને બંગાળની રોયલ એશિયાટિક સોસાયટી દ્વારા પ્રકાશિત उपमितिभवप्रपञ्चाकथा ના ઉપોદ્ઘાતમાં ડૉ. *હર્મન જેકોબી* એ આ સંબંધે જે લખ્યું છે તે જણાવાયું છે –

"Upamitibhavaprapanchà kathà. The proper form of the title is doubtful. The first part of the compound is usually given as Upamiti, but at the end of the 2nd & 3rd prastàvas and in the Prabhàvakacharitra as Upamita. I should have preferred the latter; but the title chosen by Prof. Peterson is not altogether wrong and may therefore be retained."

હમણાં ઉપાધ્યાય શ્રી*યશોવિજયજી* રચિત *ધર્મપરીક્ષા* ગ્રંથમાં પણ બે ઠેકાણે उपमितभवप्रपञ्चाकथा નામ જ વાંચવા મળ્યું. આ ગ્રંથમાં ઉપમિતિની લઘુ અને બૃહત્ – એમ બે આવૃત્તિ વિશે પણ જાણવા મળે છે.

* * *

## પરમાધામી દેવો કઇ નરક સુધી જઇ શકે ?

કલિકાલસર્વજ્ઞ શ્રી*હેમચન્દ્રાચાર્ય* રચિત *ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત* ના પર્વ-૭, સર્ગ-૧૦, શ્લોક-૨૩૧-૨૪૭ માં અચ્યુતેન્દ્ર (પૂર્વભવમાં સીતાનો જીવ) રામર્ષિને લક્ષ્મણ અને રાવણની ગતિ પૂછે છે ત્યારે તેમને તેઓ ચોથી નરકે ગયા હોવાનું જાણવા મળે છે. ત્યારબાદ ઈન્દ્ર લક્ષ્મણ માટેની લાગણીથી પ્રેરાઈને તેને ઉગારવા ચોથી નરકમાં જાય છે ત્યારે પરમાધામી દેવો તે નારકીના જીવને ભયંકર ત્રાસ આપી રહ્યા છે તે જુએ છે તેવું વર્ણન છે –

"अधुना नरके तुर्ये सशम्बूको दशाननः । लक्ष्मणश्चास्ति गतयः कर्माधीना हि देहिनाम् ।।

नैवं वो युध्यमानानां दुःखं भावीति वादिनः । परमाधार्मिकाः क्रुद्धा अग्निकुण्डेषु तान् न्यधुः ।।"

આની સામે *બૃહત્સંગ્રહણીસૂત્ર* – ગાથા-૨૦૬ અને *તત્ત્વાર્થસૂત્ર* – અધ્યાય-૩, સૂત્ર-૫ માં પરમાધાર્મિક દેવો દ્વારા નરકના જીવોને અપાતી વેદના ત્રીજી નરક સુધી જ હોય છે તેવું જણાવાયું છે. *શ્રીપ્રજ્ઞાપનાસૂત્ર* માં પણ દેવોની સ્પર્શના તેઓ ત્રીજી નરક સુધી જ જતા હોય છે તેવા સિદ્ધાંતને અનુસારે જ ઘટાઇ છે. તેથી પરમાધાર્મિક દેવો દ્વારા ચોથી નરકમાં ત્રાસ આપવાની *ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત* ની પ્રરૂપણાને મતાંતરરૂપ જ સમજવી જોઈએ. - **મુનિ શ્રીરાજદર્શનવિજયજી (ડહેલાવાળા-સમુદાય)**

* * *

## જિજ્ઞાસા - સમાધાન

- **જિજ્ઞાસા** – જે કર્મો છેલ્લી વાર ઉદયમાં આવ્યા બાદ હવે પછી બંધમાં કે ઉદયમાં આવવાના નથી તેવાં નિરનુબંધ કર્મોના બંધ વખતે જીવમાં કેવા પ્રકારના ભાવો હોય છે ? (**श्रुतसंविभाग – २**)

  **સમાધાન** – ફરીવાર બંધ કે ઉદયમાં ન આવે તેવાં નિરનુબંધ કર્મોનો બંધ કષાયોદય-રહિત અવસ્થામાં થાય છે. કષાય-રહિત આત્માનો યોગ ઈર્યાપથ કર્મના બંધહેતુરૂપ હોય છે – **મુનિ શ્રીસંસ્કારયશવિજયજી (પૂ. લબ્ધિસૂરિ-સમુદાય)**

  [૧૩ મા ગુણઠાણે કષાયોદય-રહિત અવસ્થામાં થતો ઈર્યાપથ કર્મબંધ અને એનો ઉદય અસંખ્યાત વખત હોય છે. એટલે કષાયોદયના અભાવને નિરનુબંધ કર્મોના બંધમાં હેતુભૂત ગણી શકાય નહિ એમ લાગે છે. વાસ્તવમાં તે તે કર્મબંધમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાયોદય, પ્રમાદ અને યોગના તે તે ઉત્તરભેદો કારણભૂત હોય છે. અને કર્મોનો ઉદય પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને ભવ સાપેક્ષ થાય છે. એટલે તે તે કર્મોના નિરનુબંધ બંધમાં, તેમના બંધના હેતુભૂત ભાવોનો હવે

પછી અભાવ થવાનો છે એને જ મુખ્ય ગણવો જોઈએ. અને ચરમ વખત બંધાયેલા એ કર્મોનો પણ ઉદય ન થાય એમાં તેમના ઉદયમાં કારણભૂત દ્રવ્યાદિનો અભાવ જ પ્રધાન કારણ છે. – સં. ]

- **જિજ્ઞાસા – શ્રુતસંવિભાગ – ૨** માં *ષોડશક* પ્રકરણની એક ગાથાના અર્થ વિશે ચર્ચા થઈ છે. એ જ સંદર્ભમાં એર પ્રશ્ન ઊભો થયો છે. શા માટે આચાર્ય ભગવંતે 'પુષ્ટિ-શુદ્ધિમત્ ચિત્તં ધર્મઃ' આવી પરિભાષા આપી ? કેમ કે આત્મામાં ધર્મ રહે છે અથવા તો ધર્મ આત્માનો સ્વભાવ છે એમ બધાં દર્શનો સ્વીકારે જ છે. તો ચિત્તમાં ધર્મને રાખવાનો અને પછી સંબંધો દ્વારા આત્મામાં લઈ જવાનો – આવું શું કામ ? – **મુનિ શ્રીહેમનિલયવિજયજી (પૂ. નીતિસૂરિ-સમુદાય)**

* * *

## સદ્ભાવ - પ્રતિભાવ

**શ્રુતસંવિભાગ** ને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. પૂજ્યપાદ આચાર્ય શ્રીહેમચન્દ્રસાગરસૂરિજી મ. તેમ જ આચાર્ય શ્રીમુક્તિચન્દ્ર-મુનિચન્દ્રસૂરિજી મહારાજે આશીર્વાદ-પત્રો પાઠવ્યા છે. અને **શ્રુતસંવિભાગ** સફળતાના શિખરો સર કરે તેવી શુભકામના અર્પી છે. આ ઉપરાંત મુનિ શ્રીસંસ્કારયશવિજયજી, મુનિ શ્રીપુંડરીકપ્રભવિજયજી, મુનિ શ્રીહેમનિલયવિજયજી, મુનિ શ્રીદેવર્ષિરત્નવિજયજી, મુનિ શ્રીશીલચન્દ્રવિજયજી, મુનિ શ્રીરાજદર્શનવિજયજી, મુનિ શ્રીયશઃપ્રભવિજયજી, મુનિ શ્રીતારક-ચન્દ્રસાગરજી આદિ મુનિભગવંતોએ પણ સ્નેહસભર પ્રતિભાવ-પત્રો પાઠવ્યા છે. આ પરિપત્ર દ્વારા ઘણું નવું જાણવાનું-માણવાનું મળે છે અને એનો અનોખો આનંદ સાંપડે છે એવો આ બધા પત્રોનો સૂર છે.

ખરેખર તો શ્રમણવર્ગમાં સ્વાધ્યાયરુચિ, સંશોધકદૃષ્ટિ, આત્મવિશ્વાસ, પારસ્પરિક સૌહાર્દ જેવા ઉમદા ગુણોનું સંવર્ધન થાય તે માટે મિત્ર મુનિવરોએ આરંભેલો આ એક સહિયારો પ્રયાસ છે. સૌ મિત્રો આમાં સક્રિયપણે જોડાય અને અને સ્વાધ્યાયાદિ દ્વારા શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ કરે, તેનો સંવિભાગ કરે તેવો હાર્દિક અનુરોધ છે.

* * *

## સૂચના

- મિત્ર મુનિવરોને દર વખતે ચર્ચા, પ્રતિભાવ કે 'મળ્યું છે' એની પહોંચ મોકલવાની અનુકૂળતા ન હોય તે સમજી શકાય તેમ છે. પણ આ પરિપત્ર શરુ કરતાં પહેલાં સૌએ સાથે નક્કી કર્યા મુજબ સળંગ ત્રણ અંક સુધી પહોંચ પણ ન મોકલનાર મુનિવર્યને હવે આ પ્રકારની પ્રવૃત્તિમાં રસ નથી એમ સમજી આ પરિપત્ર મોકલવામાં નહિ આવે.
- **શ્રુતસંવિભાગ** માં જોડાવા માટે ઈચ્છુક નવા મુનિવર્યોને લેખિતમાં જ જણાવવા વિનંતિ છે. મૌખિક માંગણીનો જવાબ આપવાનું શક્ય નથી.
- આ પરિપત્રમાં અમે શું લખી શકીએ એવો પ્રશ્ન અમુક મિત્રોના મનમાં થતો હોય તેમ જણાય છે. આ સંબંધે થોડીક વાતો – 1. આપ બધા નવાં નવાં શાસ્ત્રોનું અધ્યયન કરતાં જ હો છો. તે દરમિયાન કોઈ નવી-અજાણી વાત જાણવા મળી તો એ મૂળપાઠ-અનુવાદ-વિવરણ સાથે લખી શકાય. સંશોધકદૃષ્ટિ રાખીને સ્વાધ્યાય કરતાં રહીએ તો એવી અનેક વાતો જાણવા મળે જ. (જો કે આવી વાત પ્રમાણમાં જાણીતી હોય અથવા અપ્રામાણિક કે અધૂરી હોય કે બહુ મહત્ત્વપૂર્ણ ન હોય તો તે પ્રગટ ન પણ કરી શકાય.) 2. કોઈક જાણીતી વાત પણ બે-ત્રણ ગ્રંથોમાં આવતી હોય તો તેમાં પ્રરૂપણાભેદ, અપેક્ષાભેદ વગેરેનો તુલનાત્મક અભ્યાસ કરીને સરસ નોંધ પણ આપી શકાય. 3. કોઈક ચોક્કસ પદાર્થ લઈને એ અંગે વિવિધ સંદર્ભો તપાસીને એનું સરળ ભાષામાં નિરૂપણ પણ કરી શકાય. 4. સામાચારી, દાર્શનિક પદાર્થો, શાસ્ત્રીય પ્રરૂપણાઓ વગેરે અંગે અનુપ્રેક્ષા કરીને નવાં રહસ્યો પણ શોધી શકાય. 5. સ્વાધ્યાયપોષક જિજ્ઞાસાઓ પણ લખી શકાય.

---

* **શ્રુતસંવિભાગ** માં પ્રગટ થતી સામગ્રી વિચારણાત્મક સમજવી, નિર્ણયરૂપ નહીં. ચિંતન દ્વારા આ વિચારણાને આગળ વધારવા વિનંતિ.

* સંકલન : મુનિ ત્રૈલોક્યમંડનવિજય સંપર્ક : c\o અતુલ એચ. કાપડિયા, A\9 જાગૃતિ ફ્લેટ્સ, મહાવીર ટાવર પાછળ, પાલડી, અમદાવાદ 380 007 મો. 99798 52135